ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## ગાંધીનગર મહાનગરના જંગમાં પ્રજાનો વિજય, રાજકીય પક્ષો અને સરકાર ઝૂકી

# મહાનગરપાલિકાની ચૂંટણી મોકુફ, આજે જાહેરાત

**મુખ્યમંત્રી સહિત કોંગ્રેસ-આમ આદમી પાર્ટીએ પણ ચૂંટણી મુલત્વી રાખવા પંચને જણાવ્યુ, ૧૮મીએ યોજાનાર ચૂંટણી મોકુફ રાખવાની આજે ચૂંટણી જાહેરાત કરશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૮મીએ યોજાનાર ચૂંટણી મોકુફ રાખવા મુખ્યમંત્રીએ ચૂંટણીપંચને પત્ર લખતા ચૂંટણી બંધ રહેવાના સ્પષ્ટ સંકેતો પ્રાપ્ત થયા છે. ગાંધીનગરની જનતાની પ્રચંડ માંગણી સામે રાજકીય પક્ષો અને રાજ્ય સરકાર જીતી જતાં પ્રજાનો ભવ્ય વિજય થયો છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી મુલ્તવી રાખવાને લઈ રાજ્ય ચૂંટણી પંચે સક્રિય વિચારણા હાથ ધરી છે અને આ અંગે એકાદ દિવસમાં તે અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજે ચૂંટણીની તૈયારી માટે સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી જેમાં ચૂંટણી અધિકારીઓ, જિલ્લા કલેક્ટર, આરોગ્યતંત્રના અને ગૃહ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

સર્વગ્રાહી સમીક્ષા દરમ્યાન રાજ્યના મુખ્યમંત્રીએ ચૂંટણી મોકુફ રાખવાના કરેલા સૂચન તેમજ આમ આદમી પાર્ટી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખનો પત્ર સહિત વિવિધ મળેલ રજુઆતોને પણ ધ્યાને લેવામાં આવી હોવાનું પંચના સૂત્રોએ જણાવ્યુ છે.

કોરોનાના વધતા જતા સંક્રમણને લઈ તંત્રએ પંચ સમક્ષ રજુઆતો કરી હોવાનું પણ જાણવા મળેલ છે. પંચે પણ વધતા જતા કેસો, વેક્સીનેશનની કામગીરી સહિતની વિગતો આરોગ્ય વિભાગ પાસેથી મેળવી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી આગામી ૧૮મી એપ્રિલે યોજાવાની જાહેરાત પંચે માર્ચ મહિનામાં કરી હતી. આ પછી જે રીતે કેસો વધ્યા છે તેને લઈ પંચ સમક્ષ ચૂટંણી મોકુફ રાખવા માટે રજુઆતો મળી હતી. શહેરમાં વસાહત મહાસંઘ, સિનીયર સીટીઝન કાઉન્સીલ સહિત ઘણા બધા સંગઠ્ઠનોએ પણ રજુઆત કરી હતી.

આ ચૂંટણીના પ્રચાર અભિયાન દરમ્યાન ભાજપના ૪ જેટલા ઉમેદવારો પણ સંક્રમિત થયા હતા.

પંચ એકાદ દિવસમાં આ અંગે આખરી નિર્ણય જાહેર કરશે. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ રાજયની વડી અદાલતના નામદાર ચીફ જસ્ટીસને પત્ર લખી આ ચૂંટણી મોકુફ રાખવા માટે સરકારને દિશા નિર્દેશ આપવા વિનંતી કરી છે.

# સિવિલ હૉસ્પિટલમાંથી ગુમ દર્દીનો મૃતદેહ મળતા ભારે ચકચાર

**સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં ૪૦૧માં ૧૫માં બેડ પરના દર્દી ત્રણ દિવસથી ગુમ હોવાની ફરિયાદ સગા-વ્હાલાઓએ કરી હતી : આજે સાંજે શૌચાલયમાંથી તેમનો મૃતદેહ મળી આવતા ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો : ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ પરિવારજનો નહીં સ્વીકારે**

ગાંધીનગર, તા.૯ ફોટો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ ગુમ દર્દીનો મૃતદેહ શૌચાલયમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ મળી આવતા મૃતકના પરિવારજનોએ હોસ્પિટલ તંત્રની ગંભીર બેદરકારીનો આક્ષેપ કરી સિવિલમાં હોબાળો મચાવ્યો હતો. સિવિલ સ્ટાફ અને પરિવારજનો વચ્ચે બોલાચાલી થતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. જયારે પરિવારજનો દ્વારા ન્યાય ના મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી. ત્યારબાદ સિવિલના સત્તાધિશો, મૃતકના પરિવારના સભ્યો અને પોલીસ તંત્ર દ્વારા સમાધાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જયારે મોડી સાંજે મળતી માહિતી મુજબ સિવિલના જવાબદાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે તેમ જણાવતા પરિવારના સભ્યોએ મૃતદેહ સ્વીકાર્યો હતો. જયારે ઘરના મોભીના અચાનક અવસાનથી કનોજીયા પરિવાર પર આભ તુટી પડ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સર્કિટ હાઉસ સ્ટાફ કવાટર્સ ખાતે બ્લોક નં.૬ જ ટાઈપ ખાતે રહેતા અશ્વિનભાઈ અમરતભાઈ કનોજીયા પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્ની મીનાબેન તેમજ દિકરી હેતલ અને મિતલ તેમજ દિકરો પ્રિયાંશ છે. જયારે અશ્વિનભાઈ છેલ્લા સાત માસથી સચિવાલય બ્લોક નં.૧૪ ખાતે માર્ગ મકાન વિભાગના નાયબ સચિવની ગાડીના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. અશ્વિનભાઈ કોરોના પોઝીટીવ હોવાથી ગત તા.૬ ના રોજ રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ ખાતે ૪૦૧ માં ૧૫ નંબરના બેડ પર એડમીટ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અશ્વિનભાઈ સારવાર હેઠળ હતા. ત્યારબાદ પરિવારજનો તેમના માટે ટીફીન અને જરુરી ચીજવસ્તુઓ મોકલતા હતા અને ફોન પર વાતચીત કરતા હતા. મળતી માહિતી મુજબ એડમીટ બાદ અશ્વિનભાઈનો સંપર્ક બીજા દિવસ સુધી થયો હતો. ત્યારબાદ તેઓનો સંપર્ક થઈ શક્યો ન હતો. જેને પગલે અશ્વિનભાઈના દિકરો તેમજ પરિવારના સભ્યો તેમની તબિયત કેવી છે તે જાણવા માટે પ્રયત્નો કરી રહ્યા હતા. પિતાનો સંપર્ક ન થતા દિકરાએ સિવિલના તંત્રને આ અંગે જાણ કરી હતી. પરંતુ સિવિલના તંત્ર દ્વારા ઉડાઉ જવાબ આપી દેવાયા હોવાનું પરિવારજનો કહી રહ્યા હતા. જેથી અશ્વિનભાઈ ગુમ થયાની જાણવાજોગ ફરીયાદ પણ સેકટર-૭ પોલીસ મથકે આપી હતી. ત્યારે આજે બપોર બાદ અચાનક ૪ થા માળે શૌચાલયમાંથી અશ્વિનભાઈનો મૃતદેહ મળી

● અનુસંધાન પાના - ૭ પર




# કોરોનાની સાંકળ તોડવા પાંચ દિવસની રજામાં સ્વૈચ્છિક લોકડાઉન અનિવાર્ય

**શહેર આસપાસના કેટલાક ગામડાઓએ સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરી છે ત્યારે શહેરના સેકટરોમાં પણ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાયની દુકાનો બંધ રાખવાનુ સલાહભર્યુ**

ગાંધીનગરમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે નાગરિકો હવે સ્વૈચ્છિક રીતે લોકડાઉન પાળવાના મુડમાં છે. કોરોનાની સાંકળ તોડવા માટે સેકટરોમાં પણ નાગરિકો ઘરની બહાર ન નિકળે તેમજ વેપારીઓ પણ સ્વૈચ્છિક લોકડાઉનમાં જોડાય તે અનિવાર્ય છે. આગામી ચાર દિવસ સરકારી કચેરીઓમાં પણ રજા છે. ત્યારે કોરોનાનુ સંક્રમણ ઘટે તે માટે ગાંધીનગરવાસીઓ પણ ઘરની બહાર ન નિકળી સ્વૈચ્છિક લોકડાઉનનો અમલ કરે તે અનિવાર્ય હોવાનુ જાગૃત નાગરિકો જણાંવી રહ્યા છે.

ગાંધીનગરમાં કોરોનાના કેસ સતત વધતા નાગરિકો અને સરકારમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. એકબાજુ કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે રાત્રિ કરફયુનો અમલ શરૂ કરી દેવાયો છે. કોરોનાના કહેર વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાયો છે. ત્યારે નાગરિકો હવે સ્વયંભુ લોકડાઉન આપવાના મુડમાં છે. આમ પણ શનિ રવિની રજા છે જયારે સોમવારને બાદ કરતા મંગળવારે પણ ચેટી ચાંદ અને બુધવારે આંબેડકર જયંતિની રજા છે. આ સ્થિતિ વચ્ચે સરકારી કચેરીઓમાં પણ તાળુ જોવા મળશે આવા સંજોગોમાં નાગરિકો પણ સ્વયંભુ લોકડાઉન પાળે તો કોરોનાનુ સંક્રમણ અસરકારક રીતે અટકી શકે તેમ છે. હાલ ગાંધીનગર આસપાસના ગામોમાં સ્વયંભુ લોકડાઉન પાળવાની જાહેરાત કરવામાં આવી છે. ગ્રામજનોએ કોરોનાના સંક્રમણને અટકાવવા માટે આ સ્વેચ્છાએ નિર્ણય લીધો છે. ત્યારે શહેરીજનો પણ આ મામલે યોગ્ય વિચારણા કરી સેકટરોમાં જીવન જરૂરિયાત સિવાયની ચીજવસ્તુઓની દુકાનો બંધ રાખી કોરોનાના સંક્રમણને અટકાવવા માટે આ પહેલ કરે તે અનિવાર્ય છે. આમ પણ ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં બપોરના સમયે બજારમાં સન્નાટો જોવા મળે છે. જયારે બીજીતરફ કોરોનાનો કહેર વધ્યો છે ત્યારે રજાના દિવસોમાં વેપારીઓ પણ જનતા કરફયુ આપીને કોરોનાની સાંકળ તોડવાની આ પહેલમાં જોડાય તેવી લાગણી પણ સેકટરવાસીઓમાં પ્રબળ બની છે. શહેરમાં સ્થિત પાન ગલ્લાઓ પણ શનિ રવિની રજામાં બંધ રાખવા માટે વેપારીઓએ નિર્ણય જાહેર કર્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. હાલ કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે કોરોનાની સાંકળ તોડવા માટે અસરકારક લોકડાઉન અનિવાર્ય છે. પરંતુ સરકાર હાલ લોકડાઉન આપવાના મુડમાં નથી જયારે બીજીતરફ કેસ વધી રહ્યા છે. ત્યારે આ સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે જનતાએ જ જાગૃતિ દાખવવી પડશે. દિવસ દરમિયાન કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે પણ તબીબો સલાહ આપી રહ્યા છે કોરોના ઘાતક બની રહ્યો છે. આવા સંજોગોમાં ગામડાઓની શહેરમાં પણ સેકટરોમાં સ્વૈચ્છિક રીતે લોકડાઉન પાળવામાં આવે તેવી અનિવાર્યતા ઉભી થઈ છે.

# કોરોનાનું રૌદ્ર સ્વરૂપ : નવા ૮૬ કેસ

## શહેરમાં ૪૧ અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ૪૫ કેસ

**ગ્રામ્યમાં ૪૫ કેસ : ગાંધીનગરમાં ૪૧, દહેગામમાં ૧ અને કલોલમાં ૭ કેસ નોંધાયા : સે. ૨માં ૯, સે. ૨૧ માં ૫, સે. ૮ માં ૬, સે. ૪ માં ૪, સે. ૨૪-૩૦ માં ૩-૩, ૧૪ માંથી ૨ તેમજ સે. ૫, ૨૨, ૨૬, ૨૯, ૨૭, ૨૦, ૭, ૧૬ અને આદિવાડામાંથી ૧-૧ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું તાંડવ વધુ રૌદ્ર બન્યુ છે. જિલ્લામાં કોરોના સંક્રમણના કેસો આજે વધીને ૮૬ થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૫ અને ગાંધીનગર શહેરમાં ૪૧ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે. ગઈકાલે જિલ્લાતંત્રએ ૧૩ જેટલા ડેઝીગ્નેટેડ કોવિડ હેલ્થ સેન્ટરો જાહેર કર્યા બાદ આજે કલેકટરશ્રીએ માણસા સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને માણસામાં કોરોના સંક્રમણના કેસોની સમીક્ષા પણ કરી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. માણસા તાલુકાના રંગપુર ગામે પણ મોટી સંખ્યામાં કેસો મળી આવ્યા હોવાના અહેવાલો છે. કેટલાક ગ્રામીણ વિસ્તારોએ તો સ્વયંભુ લોકડાઉનના નિર્ણયો પણ લઈ તેની અમલવારી શરૂ કરી દીધી છે.

રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં આજે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં એક દર્દીનું કોરોનાની સારવાર દરમ્યાન મોત થયાનું જણાવવામાં આવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં એક કેસ, કલોલમાં ૭ કેસ અને ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૭ કેસ નોંધાયાનું જણાવવામાં આવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દીઓ નોંધાઈ છે. આજે નોંધાયેલા દર્દીઓમાં નવ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસપિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ અર્બનમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામેથી એક, ડિંગુચામાંથી ૩ કેસ તેમજ પાનસર ગામેથી એક કેસ મળેલ છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને તથા લીંબોદ્રા ગામેથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ સાથે ટેસ્ટીંગ અને ટ્રેસીંગ અને ટ્રેકીંગ વધારવાની સૂચનાઓ આપી છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી સઘન રીતે થાય તે જોવા પર ખાસ ભાર મુક્યો છે.

ગાંધીનગર તાલુકાના છ ગામમાં જ ૨૯ જેટલા કેસ નોંધાયા છે. જેમાં ધણપમાં ૨, કોબામાં ૫, કુડાસણમાં ૪, રાંદેસણમાં ૫, રાયસણમાં ૩, પેથાપુરમાં ૪ અને સરગાસણમાં ૬ કેસનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વાસણા હડમતિયા, વાવોલ, શાહપુર, રામપુરા, રૂપાલ, ઝુંડાલ, પીંડારડા, ઉનાવામાંથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૩૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૫૪૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૪૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં સંક્રમણ વધતાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ ૨૫૦ થી વધુ હોવાનું જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫૧૫ લોકોને હોમ કવોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રસીકરણનું અભિયાન પણ સઘન રીતે ચાલી રહ્યુ છે અને આજે ૪૧૦૦ થી વધુ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૪૧ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જે રીતે સંક્રમણ વધી રહ્યુ છે તેને પગલે તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં આજે સંક્રમિતોની યાદીમાં ૧૭ જેટલી મહિલાઓનો સમાવેશ થાય છે. મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને પગલે તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે કોરોનાની સારવાર દરમ્યાન એક વ્યક્તીનું મૃત્યુ થયાનું સરકારે તેની સત્તાવાર યાદીમાં સ્વીકાર્યુ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં પેન્શન ચુકવણા કચેરીનો કર્મયોગી, જીઆઈડીસીના એકાઉન્ટન્ટ, સચિવાલયનો એક સેવક, ઓફિસ આસિસ્ટન્ટ, રાજ્ય સહકારી સંઘનો કર્મયોગી, જીઈબીનો કર્મયોગી, સરકારી પોલીટેકનીક

● અનુસંધાન પાના - ૭

## ગાંધીનગરમાં વધુ કોરોના પોઝીટીવ ૨૪ દર્દીઓના મૃત્યુ

વૈશ્વિક મહામારી કોરોના સમગ્ર રાજય સહિત પાટનગરમાં પણ હાહાકાર મચાવી રહી છે. કોરોના પોઝીટીવ કેસ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. જેને પગલે નાગરીકો પણ ભયભીત બન્યા છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે તંત્ર સતત મથામણ કરી રહ્યું છે. ત્યારે પાટનગરમાં કોરોના દર્દીઓની સાથે સાથે મૃત્યુનો આંકડો પણ ચોંકાવનારો સામે આવે છે. આ બિનસત્તાવાર આંકડા પર નજક કરીએ તો શહેરની કોવીડ હોસ્પિટલમાં ૨૪ પોઝીટીવ દર્દીઓનો જીવનદીપ બુઝાયો છે. જેમાં ૧૯ દર્દીઓની અંતિમક્રિયા સેકટર-૩૦ મુકિતધામ ખાતે અને ૫ દર્દીઓની અંતિમ ક્રિયા સરગાસણ રૂદ્રભુમિ ખાતે કરવામાં આવી છે.

# દેશમાં ૭૦ ટકા લોકો રસી લેશે ત્યારે હર્ડ ઈમ્યુનિટી આવશે : ડૉ. તેજસ પટેલ

**જે વ્યક્તિએ રસી લીધી હશે તે ૫૦ ટકા સુરક્ષિત છે, આ વખતે વેક્સિનેશન, વેન્ટિલેશન અને વલ્નરેબલ્સ કેરનું સૂત્ર અપનાવવું પડશે : ખ્યાતનામ છ ડોક્ટરોના અભિપ્રાય**

ગાંધીનગર

ગુજરાતના છ ખ્યાતનામ ડોકટરોએ કોરોનાના નવા સ્ટ્રેઈન અંગે કહ્યું હતું કે અત્યારના સંક્રમણના સમયમાં માસ્ક, સેનેટાઈઝેશન અને સોશ્યલ ડિસ્ટન્સીંગ ખૂબ જરૂરી છે. એ ઉપરાંત હોસ્પિટલાઈઝેશનથી બચવા માટે પ્રત્યેક વ્યક્તિએ પ્રોટોકોલ પ્રમાણે રસી લેવી જરૂરી છે. લોકોએ ગભરાયા વિના રસી લઈને સંક્રમણને નિયંત્રણમાં રાખવા સહયોગ આપવો જોઈએ.

ડૉ. તેજસ પટેલ સહિતના છ ડોક્ટરોએ કોરોનાના બીજા તબક્કાના સંક્રમણ અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા છે જે આ પ્રમાણે છે....

ડૉ. તેજસ પટેલ (કાર્ડિયોલોજીસ્ટ) : કોરોના વાયરસને ઠંડી, ગરમી અને વરસાદની કોઈ અસર થતી નથી, ગમે ત્યારે સંક્રમણ વધી શકે છે. એક સમય એવો હતો કે કેસો ઘટી ગયા હતા પરંતુ કોરોનાના નવા સ્ટ્રેઈન જોવા મળ્યાં છે તેથી વધારે સાવચેતીની જરૂર છે. માસ્ક પહેરવાથી કોરોના સંક્રમણ અટકી શકે છે. અત્યારે રસીકરણ ચાલી રહ્યું છે ત્યારે મારી વિનંતી છે કે પ્રત્યેક વ્યક્તિએ રસી લેવી જોઈએ, કે જેથી સંક્રમણ ૫૦ ટકા ઓછું થાય છે અને હોસ્પિટલાઈઝ થવાની જરૂર રહેતી નથી. જે વ્યક્તિએ રસી લીધી છે તે સુપરસ્પ્રેડર બનતો નથી. ગભરાયા વિના રસી લેવી જોઈએ. દેશમાં જ્યારે ૭૦ ટકાથી વધારે નાગરિકો રસી લેશે ત્યારે હર્ડ ઈમ્યુનિટી આવશે.

ડૉ. વીએન શાહ (ઝાયડસના ડાયાબિટોયોલોજીસ્ટ) : એકમાત્ર રસીકરણ કોરોનાથી સુરક્ષિત કરી શકે છે. રસી પછી ભલે કોરોના થાય પરંતુ તેની તીવ્રતા ઓછી થઈ જાય છે. એન્ટી બોડી કેપેસિટી વધે છે. રસીના પહેલા ડોઝથી ૫૦ ટકા સુરક્ષા મળે છે. રસીકરણ માટે માસ મુવમેન્ટની જરૂર છે. યંગસ્ટર અને

● અનુસંધાન પાના - ૭ પર

# સરકારી કચેરીઓમાં સોમવારે રજા જાહેર કરવામાં આવે તો કોરોનાનો વ્યાપ ઘટશે


**ચાર દિવસની રજાઓમાં વચ્ચે સોમવારના ચાલુ દિવસે પણ રજા જાહેર કરવા સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનની રજુઆત**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. કોરોનાના કેસની સંખ્યા સતત વધતી જોવા મળી રહી છે. જયારે કોરનાના લીધે થતો મૃત્યુઆંક પણ ઉંચકાયો છે. ત્યારે સરકારે કરેલી કરફયુની જાહેરાત બાદ નાગરિકોમાં પણ જાગૃતિ આવી છે. ગાંધીનગર આસપાસના ગામોમાં સ્વૈચ્છિક રીતે લોકડાઉન પાળવા માટે પણ પહેલ કરવામાં આવી છે. આવા સંજોગોમાં નગરના સચિવાલય સંકુલ સહીત અન્ય સરકારી કચેરીઓમાં પણ કોરોનાનુ સંક્રમણ વધ્યુ છે. ત્યારે આગામી ચાર દિવસની રજા વચ્ચે સોમવારના ચાલુ દિવસે પણ રજા જાહેર કરવામાં આવે તો સળંગ પાંચ દિવસની રજાના લીધે કર્મચારીઓમાં પણ કોરોનાનુ સંક્રમણ ઘટશે તેવી લાગણી સાથે સચિવાલય સેકશન અધિકારી એસોસિએશને તા ૧૨ એપ્રિલના રોજ પણ રજા આપવા માટે માંગણી કરી છે.

હાલ કોરોનાની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી રાજય સરકારે ૨૦ શહેરોમાં રાત્રિ કરફયુની જાહેરાત કરી છે. આ ઉપરાંત સરકારે શનિ અને રવિવારે પણ સરકારી કચેરીમાં રજા જાહેર કરી છે. ત્યારે હાલ એપ્રિલ મહીનામાં તા ૧૦, ૧૧ અને ૧૩ તેમજ તા ૧૪ એપ્રિલના રોજ પણ સરકારી કચેરીઓમાં જાહેર રજા છે. પરંતુ તા ૧૨ એપ્રિલના રોજ કચેરીઓ ચાલુ છે. ત્યારે હાલની આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તા ૧૨ એપ્રિલના રોજ પણ સરકારી રજા જાહેર કરી દેવામાં આવે તો નગરના સચિવાલય સંકુલ સહીત અન્ય સરકારી કચેરીઓમાં પણ સળંગ પાંચ દિવસની રજાનો મેળ પડે તેમ છે. ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનના પ્રમુખ જયેશ રાવલે આ અંગે મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા અનુસાર સરકારી કચેરીઓમાં પણ કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. કર્મચારીઓ અને અધિકારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે. ત્યારે સમયસર આ નિર્ણય લેવાથી સંક્રમણો વ્યાપ ઘટશે. સરકારી કર્મચારીઓ પણ આગામી દિવસોમાં સ્વસ્થ રીતે પોતાની ફરજ બજાવી શકશે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે એકબાજુ રાત્રિ કરફયુની જાહેરાત કરી દેવામાં આવી છે. ત્યારે હાલ સરકારી કચેરીઓ પણ કોરોનાની દ્રષ્ટીએ હોટ સ્પોટ બની રહી છે. આવા સંજોગોમાં એક દિવસની રજાના લીધે સતત પાંચ દિવસ સુધી કર્મચારીઓ પણ એકમેકના સંપર્કમાં આવશે નહી જેથી આ મામલે ત્વરિત નિર્ણય લેવાય તે અનિવાર્ય છે.

## દુ:ખદ અવસાન (ટેલીફોનીક બેસણું)



**અમારા પરમ પૂજ્ય માતૃશ્રી સરોજબા બાલુભાઈ પટેલ (અડાલજ)નું તા. ૯-૪-૨૦૨૧ને શુક્રવાર (ફાગણ વદ - ૧૩)ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.**

**વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ લૌકિક ક્રિયા રાખેલ નથી.**

**ટેલીફોનીક બેસણું**

**તા. ૧૧-૪-૨૦૨૧ને રવિવાર સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે**

**સરનામું : શ્રીજી પાર્ક સોસાયટી, બાલાપીર, અડાલજ, તા. જિ. ગાંધીનગર**

દીપીકાબેન રમેશભાઈ પટેલ
દક્ષાબેન હિતેષભાઈ પટેલ
અલ્પા હિમાંશુ પટેલ
ગીતા હિરેન પટેલ
ઈલાબેન સુરેશકુમાર શાહ
રમીલાબેન બાલુભાઈ પટેલ
મીનાબેન દિપેશકુમાર પટેલ
ભાવનાબેન રાકેશકુમાર પટેલ

ડો. હિમાંશુ વિઠ્ઠલભાઈ પટેલ (એડવોકેટ) મો. : ૯૮૨૫૦૨૭૭૨૧
હિરેન વિઠ્ઠલભાઈ પટેલ (વર્લ્ડ કેમ કોર્પોરેશન) મો. ૯૩૨૭૦૦૫૨૨૯
શિવ હિમાંશુ પટેલ
વેદ હિરેન પટેલ

રમેશભાઈ બાલુભાઈ પટેલ (એડવોકેટ) મો. : ૯૮૯૮૦૨૪૨૬૫
હિતેષ (અજીત) બાલુભાઈ પટેલ (શ્રીજી ગેસ) મો. ૯૪૨૬૦૦૨૩૯૨
જીમી રમેશભાઈ પટેલ (શ્રીજી મોટર્સ) મો. : ૯૯૯૮૮૦૮૫૬૩
સચીન રમેશભાઈ પટેલ
સમર્થ હિતેષભાઈ પટેલ
યશ હિતેષભાઈ પટેલ

**સમસ્ત પ્રભુદાસ હરિભાઈ પરિવાર**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com